જાનં.-મક/આવિ/૨૫-૨૬/૪૭ ૫૧ ૪૮
મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ
વિકાસની કચેરી, કુબેર ભવન, આઇ
બ્લોક, સાતમોમાળ,
રૂમ નં.-૭૨૦,ફોન.નં.૦૨૬૫-૨૪૨૨૨૨૬૨
વડોદરા
તા.૧૯ /૦૧/૨૦૨૬

પ્રતિ,
૧. જીલ્લા પ્રાથમિક શિષણાધિકારીશ્રી,
જીલ્લા પંચાયત, વડોદરા.
૨. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
વડોદરા.

જિ. શિ. ... વડોદરા.
૪૪૯
૧-૩-૨૬

વિષય: પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તી યોજના હેઠળ અનુ.જનજાતિના વિધાર્થીઓની વર્ષ ૨૦૨૫-૨૬ ની ઓનલાઇન દરખાસ્ત કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે_જણાવવાનુ કે , અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તી યોજના હેઠળ શિષ્યવૃત્તી તથા ગણવેશ સહાય આપવામાં આવે છે. જે અન્વયે અમુક આચાર્યશ્રીઓ ધ્વારા હજુ પણ ઘણા અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓની ઓનલાઇન દરખાસ્ત કરેલ નથી શિષ્યવૃત્તી દરખાસ્તો કરવા માટે અત્રેની કચેરી ધ્વારા સુચના આપી દરખાસ્તો મોકલી આપવા જણાવેલ છે. તેમ છતા હજુ પણ ઘણી દરખાસ્તો કરવાની બાકી છે. ધોરણ ૧ થી ૮ માં ૩૫૩૨ વિધાર્થીઓની દરખાસ્ત કરવાની બાકી છે જયારે ૨૮૦ વિધાર્થીઓની દરખાસ્ત બનાવેલ છે. જેને સેન્ડ કરવાની બાકી છે. તેજ રીતે ધોરણ ૯ થી ૧૦ માં ૧૪૪૮ વિધાર્થીઓની દરખાસ્ત કરવાની બાકી છે. અને ૭૫ વિધાર્થીઓની દરખાસ્ત બનાવેલ છે જે સેન્ડ કરવાની બાકી છે. જેની એકસલ સીટ આ સાથે તાલુકાવાર સામેલ છે. તો આપના તરફથી આપના બી.આર.સી. તથા સી.આર.સીને આ એકસલ સીટ મોકલી તાત્કાલીક આચાર્યશ્રીઓ ધ્વારા દરખાસ્તો ઓનલાઇન કરવામાં આવે તે મુજબ આપની કક્ષાએથી સુચના આપવા વિનંતી છે.

આ કામને લઇને આદિજાતિ વિભાગના સચિવશ્રી, ધ્વારા દર શુક્વારે રીવ્યુ મીટીંગ લેવાતી હોય છે. અને અનુસૂચિત જનજાતિના તમામ બાળકોને શિષ્યવૃત્તીનો લાભ મળે અને કોઇ બાળક શિષ્યવૃત્તીથી વંચિત ન રહે તે બાબતે ખાસ સુચના આપેલ છે. જે ધ્યાને લઇ આચાર્યશ્રીઓ ધ્વારા તાત્કાલિક દિન-૨ માં દરખાસ્તો ઓનલાઇન થઇ જાય તેમ આપની કક્ષાએથી સુચના આપવા વિનંતી છે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
વડોદરા

---

જા.નં.ક-૩/પરચ/૨૦૨૫-૨૬/૨૭૫૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,
કારેલીબાગ,
વડોદરા
તા. ૯/03/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ, (તમામ)
જિ.વડોદરા.

**નકલ રવાના : (જાણ તથા અમલવારી સારું.)**
– શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ.વડોદરા.

Scanned with CamScanner